શું સંઘવીજીનો સંઘ કાશીએ જશે કે?

પ્રકાશકઃ-

મણીલાલ જીવરામ ગાંધી.

માંડવીની પોળમાં કાકાબળિયાની પોળ,

અમદાવાદ.

સંવત ૧૯૭૮. પ્રત ૧૦૦૦.

કિંમત ૦-૧-૦ આનો.

શાન્તિવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં ઈશ્વરલાલ કેશવલાલ
વકીલ અને માણેકલાલ માધવજીએ છાપી,
ઠે. ઢીંકવા ચોકી-અમદાવાદ.

શું સંઘવીજીનો સંઘ કાશીએ જશે કે?

શીઘ્રકવી અને સાક્ષર તરીકે આપણા સંઘવીજીને ઘણા ગુજરાતીબંધુઓ ઓળખે છે. આ હકીકતમાં ગમે તેટલું સત્ય હોય છતાં એટલું તો ખરૂંજ કે આવી કુદરતી બક્ષીસ મેળવનારા ભાગ્યશાળી મનુષ્યોમાં ચારિત્ર્યવાન્ જ પહેલે નંબરે પૂજાય છે. તેનાં જ વચનો પ્રજામાં પુરતી અસર કરી શકે છે. કોઈપણ કવી અથવા સાક્ષરના આંતરિક ગુણ દોષોનું તેણે પ્રગટ કરેલા સાહિત્યમાં ઘણીવાર ઝાંખુ કે ઝળહળતું દિગ્દર્શન થયા વિના રહેતું નથી એવો અમારો નમ્ર મત છે. આપણા શીઘ્રકવી અને સાક્ષરની ઉપાધિથી અલંકૃત થયેલા શ્રીયુત સંઘવીજીના ખાનગી જીવનનો અમે અભ્યાસ કર્યો નથી તેથી એ વિશે કોઈપણ પ્રકારનો મત હાલ અમારાથી આપી શકાય તેમ નથી છતાં '**ભદ્રંભદ્રનો ભેદ અથવા આંધળાનો ગોળીબાર!**" એ નામના પુસ્તકથી તેમના જાહેર સાક્ષર જીવનની શરૂઆત થયાનું ત્યારથી અમે જાણ્યું છે ત્યારથી તેમની આવી પ્રવૃત્તિઓમાં અવલોકન કરવાની ઇચ્છા અમને પ્રસંગોપાત્ થઇ આવે એ સ્વાભાવિક છે. નાક ફાટી જાય એવી દુર્ગંધથી આ પુસ્તક ભરપુર છે એમ માનવામાં ભાગ્યેજ બે મત હોઇ શકે જેણે આ પુસ્તકનું અથથી

તે ઇતિ સૂધી અવલોકન કર્યું છે તેને અમે માનપૂર્વક પ્રશ્ન કરીએ છીએ કે તેમાં એક વેશ્યાને પણ શરમાવે તેવી બિભત્સ ઘટના અને પ્રતિસ્પર્ધિને પ્રજાની દૃષ્ટિમાં છેક છેલ્લે પાટલે ઉતારી દેવાની દ્વેષભાવના સિવાય બીજું શું છે ? મંગળાચરણમાં જ જ્યારે પોતાના ગુર્જર બંધુઓને આવું પુસ્તક પ્રસાદિમાં મળે ત્યારે આપણા સંઘવીજીનો સંઘ કઇ રીતે કાશીએ જાય ? આ પુસ્તકની યોગ્યતા અને તે પ્રગટ કરવામાં સાક્ષરશ્રીનો હેતુ શું હશે તેનો સાચો પ્રત્યુત્તર તો આપણા રાવબહાદુર રમણભાઇ જ કદાચ આપી શકે, કેમકે ગુજરાતના સાક્ષરોમાં તેમની પણ ગણના છે, અને એક સમયે બન્ને પરસ્પર મિત્ર હતા !

ઉપર પ્રમાણે પ્રારંભમાં જ પરનિંદા રૂપી મેલથી પોતાની કલમને ખરડયા બાદ પાછી તેજ કલમ આપણા સંઘવીજીએ અસહકારીઓને માટે આગળ ધરી છે ! મહા દુઃખની વાત છે કે દેશના ઉદ્ધારને માટે અનેક દુઃખો ઉઠાવનાર બહાદુર અસહકારીને જોઇને પણ આપણા આ સાક્ષરોત્તમ, શીઘ્રકવીશ્વર, વ્યાખ્યાનમાર્ત્તણ્ડ, ભારતભૂષણ અને ધર્મવીરની ઉપાધિ ઉઠાવનારા બંધુનું દીલ દ્રવિત થતું નથી. લગભગ આખી દુનિયામાં એક મહાન પુરૂષ તરીકે સિદ્ધ થઇ ચૂકેલા આ ચળવળના નેતા મહાત્મા ગાંધીજીની દરેક પ્રવૃત્તિ ઉપર તેઓ અયોગ્ય આક્ષેપ કરી રહ્યા છે ! શું અસહકાર એ માતૃભૂમિની મુક્તિનો મંત્ર નથી એમ અંતઃકરણથી તેઓ માને છે ? જો એમજ માનતા હોય તો એ વિના મુક્તિનો બીજો મંત્ર તેઓ બતાવી શકે છે ? "મોટા થાઓ પરણાવી શું !" એવો સ્વરાજ્ય મેળવવા સંબંધી મૉડરેટોએ સ્વિકારેલો નિર્માલ્ય મંત્ર હાલના જમાનામાં જાગૃત થયેલી પ્રજા કદાપિ કબૂલ રાખશે ? આ સ્થળે અમારે

જણાવવું જોઇએ કે એ અસહકાર મંત્રનો માનવંતો પિતા કે જેની અગાધ બુદ્ધિને ઓળખીને આખું જગત્ જેના તરફ ગંભીર દૃષ્ટિથી જોઈ રહ્યું છે ત્યારે માત્ર ઉપાધિ રૂપ પીછાં પોતાની પાંખમાં ખોસનાર આપણા શીઘ્રકવીશ્વરને હજુ ગુજરાત એકલું પણ પૂરેપૂરું ઓળખી શક્યું નથી! "છોટા મું ઔર બડી બાત!" ના જેવી આ વાત શું નથી?

આવી સ્થિતિમાં આપણા શીઘ્રકવીશ્વરનો સંઘ કાશીએ જશે કે કેમ તેનો નિર્ણય સામાન્ય બુદ્ધિથી પણ થઈ શકે તેમ છે છતાં તેઓ દુનિઆની કરોડો બુદ્ધિઓનો કિલ્લો ભેદવાનો ભગીરથ પ્રયત્ન-કરી રહ્યા છે! અસહકાર વિરુદ્ધ આજ સુધી અનેક લેખો લખી લખીને તેમણે પોતાની કલમના કૂચેકૂચા અને ટૂચે ટૂચા કહાડી નાખ્યા જણાય છે! જો કે પોતાનો સ્વતંત્ર મત દર્શાવવાની દરેક સાક્ષરની ફર્જ છે પરંતુ તેમ કરવા જતાં તેઓ કેવળ વિવેકશૂન્ય થઈને સભ્યતાની હદ ઓળંગી જવામાંજ પોતાનો વિજય માની બેઠા છે. અસહકારની હિલચાલને વખોડવામાં કેટલાક શબ્દો તેઓ મચ્છીબજારમાંથી જ ખરીદી લાવતા હોય એમ જણાય છે! કવીઓ અને સાક્ષરો ઉપર આપણી માતૃભૂમિ મોટા મોટા મદાર બાંધી બેઠી છે તેજ કવી જ્યારે માતૃભુમિના પગમાં પડેલી બેડી મજબૂત કરવાને મથે ત્યારે એનાથી ખેદજનક બીજું શું હોઇ શકે?

આપણે જોઈ શક્યા છીએ કે આપણા આ શીઘ્રકવીશ્રીના સઘળા પ્રયત્નનું પરિણામ માત્ર અત્યાર સુધી શુન્યમાંજ આવ્યું છે. અસહકાર કે જેની ચળવળ વધારવામાં ઇશ્વરનો છૂપો હાથ છે તેનો પ્રચંડ પ્રવાહ એક ઘુઘવતા મહાસાગરનાં મોજાંના વેગથી આગળ વધતો જાય છે. આપણા શીઘ્રકવીશ્વર એ પ્રવાહને અટકાવવા સારૂ

આડા હાથ ધરી રહ્યા છે! વિશેષમાં આ પ્રવૃત્તિના અવરોધ રૂપ તેમણે માનેલો મંત્ર ગલીચ્ચ શબ્દો સિવાય કાંઇ નથી!

વળી વધુ ખેદ કરવા જેવું તો એ છે કે નવરાત્રીમાં સ્ત્રીઓને ગાવાના ગરબા જોડી ગુજરાતના ગણ્યા ગાંઠ્યા લોકોમાં પ્રસિદ્ધિ મેળવનાર આપણા આ કવીશ્વરને આખી દુનિઆમાં સર્વત્ર સુપ્રસિદ્ધ થયેલા કવીવર રવીન્દ્રનાથની કવીતાઓ પણ કાંઇ હિસાબમાં નથી! આવા જગત્માન્ય કવીવરની "કર્મફળ" વાળી કવીતાને પણ તેઓ પોતાના "કાવ્ય કલ્લોલ" નામના પુસ્તકમાં કાદવથી ખરડી નાખવાનો પ્રયત્ન કરતાં ચૂક્યા નથી! માતૃભૂમિને નામે પોતાના સ્વદેશી અને સ્વધર્મીબંધુઓને ગાળો દેવામાં જ તેમણે આનંદ માન્યો છે! વળી આવી કુતર્કવાદ રૂપ કવીતાને તેમના કોઇ શાગીર્દે કવીશ્રીના કવીત્વની પરિસીમા માની છે! મૂળ વસ્તુમાં જે ધ્વનિ રહેલો છે તેના સો મા ભાગ જેટલો પણ ધ્વનિ આ કવિતામાં છે? ક્યાં રવીની આગળ પોતાનો રથ ખેડવાની શક્તિ ધરાવનાર સર્વમાન્ય કવીવર રવીન્દ્રનાથની કવીતા અને ક્યાં અમદાવાદની સાંકડી શેરીમાં નિવાસ કરનાર આપણા નગીનદાસ સંઘવીની કવીતા! ક્યાં રાજા ભોજ? ક્યાં ગાંગો તેલી? ક્યાં મ્હોર? અને ક્યાં અધેલી? ઇસપનીતિમાંના દેડકા અને બળદનું દૃષ્ટાંત શું આ સ્થળે લાગૂ ન પડી શકે?

છતાં આપણા આ શીઘ્ર કવીશ્વરને માટે તેમની કણબી જ્ઞાતિના અંતરમાં જેટલું માન છે તેનાથી લેશમાત્ર પણ અમને ઓછું નથી કેમકે સામાન્ય દૃષ્ટિએ જોવા જતાં તેઓ વિદ્વાન્ તો છે જ. પરંતુ એ વિદ્વતાનો ઉપયોગ તેઓ ઉલટી દીશામાં કરી રહ્યા છે એજ માત્ર ખેદનો વિષય છે. વળી કેટલાંક હિન્દુધર્મશાસ્ત્રોનું અવલોકન કરીને તેઓ જનસમાજમાં ચુસ્ત સનાતની હોવાનો દાવો કરે છે

પરંતુ સ્મૃતિ વગેરે ગ્રંથાનુસાર તેઓ "વ્યાખ્યાનમાર્તણ્ડ" ભારત ભૂષણ, ધર્મવીર "ની ઉપાધિઓથી પોતાના નામને અલંકૃત કરી શકે કે કેમ એ ખાસ મહત્વનો પ્રશ્ન છે. બ્રાહ્મણ સિવાય ઇતર વર્ણને ધર્મનું વ્યાખ્યાન્ કરવાનો અધિકાર સ્મૃતિએ આપ્યો જ નથી તો તેઓ વ્યાખ્યાન્માર્તણ્ડ બનીને સમસ્ત પ્રજાના ગુરૂની ગાદી શા માટે દબાવી બેઠા છે તે તેઓ કહી શકશે? સ્મૃતિએ બાંધેલા કાયદા કે જેના કવીશ્રી પોતાને ચુસ્ત હિમાયતી જણાવે છે તો તેજ કાયદાના આધારથી અમે તેમને પૂછીએ છીએ કે "ચાર વર્ણ પૈકી ત્રીજી કે ચોથી વર્ણમાં જન્મેલો મનુષ્ય તેનાથી ચડતી વર્ણના મનુષ્યોનો ધાર્મિક વ્યાખ્યાન્કાર (ઉપદેશક) થઇ શકે? જો ન થઇ શકે તો પછી પોતાના નામના અગ્રભાગે ધર્મનાં લાંબાં લાંબાં બનાવટી પુછડાં લગાવી ભારે મરવાથી શું લાભ? વળી આ કાયદા આપણા કવીશ્રીને કલમ પકડવાનું સુચવે છે કે તેમના પરાપૂર્વથી ચાલતો આવેલો હળનો દાંડો તે પણ શું તેમણે ખાસ વિચારવા જેવું નથી? અમને આશા છે કે કવીશ્રી આ સઘળાનો કાંઇક ખુલાસો તો કરશે જ.

દિનપ્રતિદિન દેશની થતી જતી ગંભીર પરિસ્થિતિ ઉપર પુરતું ધ્યાન આપીને મહાત્મા ગાંધીજીએ અસ્પૃશ્યતાની ચળવળ જ્યારથી ઉપસ્થિત્ કરી છે ત્યારથી આપણા કવીશ્રી તેમની ઉપર કલમ લઇને કૂદી પડયા છે! અસ્પૃશ્યતાને મહાત્માજી જ્યારે અધર્મ માને છે ત્યારે કવીશ્રી તેને ધર્મ માને છે. બન્ને પક્ષની દલીલોનો યોગ્ય રીતે અભ્યાસ કર્યાં છતાં પણ અમે આ વિષયમાં તેમના ન્યાયાધિશ બની ન્યાય આપનાર તરીકે અમને પોતાને અસમર્થ માનીએ છીએ તેથી તેનો નિર્ણય કરવાનું કાર્ય કોઇ નિર્મળ ચારિત્ર્યવાન્ અને મહાવિદ્વાન્ ધર્મગુરૂને માટે રહેવા દઇને કવીશ્રીને

અમે એટલુંજ પૂછીશું કે તેમના મત પ્રમાણે મહાત્માજીની આ એક ચળવળ કદાચ અયોગ્ય હોય તો તેટલાજ ઉપરથી તેમની બીજી દરેક ચળવળને એકદમ નિંદી નાખવી એ ક્યાંનો ન્યાય? આમ મગને મોતી સામટાં ભરડી નાખનારને માટે દુનિઆં શું અનુમાન કરે? દેશદાઝ દીલમાં રાખીને જે પ્રવૃત્તિ તરફ પોતાને અણગમો હોય તે વિષય શાંતિ અને વિવેકપૂર્વક ચર્ચવામાં કવીશ્રીની કીર્તિ કઇ રીતે કલંકિત થઈ જવાની હતી? કવીશ્રીએ યાદ રાખવું જોઇએ કે ઠરેલ બુદ્ધિના વિદ્વાનો વાધરડી મેળવવા સારૂ દુઝણા ઢોરાને મારી નાખવાનો પ્રયત્ન કદાપિ કરતા નથી.

અસ્પૃષ્યતાના સબંધમાં વેદશાસ્ત્રસંપન્ન શાસ્ત્રી વસંતરામના લેખો ઉપરથી ગુજરાતીબંધુઓને ઘણું જાણવાનું મળ્યું છે તેની કોઇપણ ના પાડી શકશે નહિ છતાં આપણા શીઘ્રકવી સંઘવીજી પોતાનો જૂદો સંઘ કહાડવા મથે છે! દેશના દરેક નેતાઓની દલીલોને ઠોકરે મારી તેમને મૂર્ખ માનનાર અને માત્ર પોતાની જ બુદ્ધિનું પ્રદર્શન ભરવાનો પ્રયત્ન કરનાર એક ગુજરાતના કવીની વાહીઆત પ્રવૃત્તિ વિશે આથી વધુ પ્રત્યક્ષ પુરાવો બીજો કયો હોઈ શકે? કવીશ્રીને સનાતન ધર્મનું અભિમાન છે એમ જાણીને અમને હર્ષ થાય છે કેમકે અમે પણ એજ ધર્મના અનુયાયી છીએ, અને અમારા એ સ્વધર્મનાં સર્વત્ર વિજય ઇચ્છીએ છીએ; પરંતુ સ્વધર્મ રક્ષાને બહાને આપણા કેટલાક ધર્મગુરૂઓ અનેક પ્રકારનાં ધતીંગ ચલાવીને ગુજરાતનાં ગરીબ ઘેટાંનું ઉન કાતરી રહ્યા છે તે શું કવીશ્રીના જાણવામાં નથી? અસહકાર રૂપી અભેદ કિલ્લાની દિવાલ સામે 'સિરબલ' અફાળવાનું છોડી દઇને તેઓ પ્રથમ પોતાના જ પગ નીચે બળતી આગ બુઝાવવાનો પ્રયત્ન કાં નથી કરતા? કેવળ

અસહકારીઓના જ દોષો તેઓ જૂએ છે તો જે ધર્મગુરૂના તેઓ આશ્રિત છે તેમના કાંઈપણ દોષ શું તેમની દૃષ્ટિએ નથી પડતા? અસહકારનાં અતિ સહનશીળતા ભરેલાં સિદ્ધાંતોનો કવીશ્રીએ આજ-સુધી અયોગ્ય લાભ લીધો છે પરંતુ તેનો કોઈ ઉલટો અર્થ ન કરે તેટલા સારૂ અમે હવે આપણા આ કલમબહાદુર કવીશ્રીને ખુલ્લી રીતે જણાવીએ છીએ કે અસહકારના અભેદ કિલ્લા સામે પોતાનું શિર અફાળનાર તેમની 'મહાજ્યોતિ' ના સંજ્ઞાધારી **સિરબલ** સન્મુખ અમે અમારા '**તિરબલ**' સાથે તૈયાર થઈ ઉભા છીએ! કવીશ્રીની ઈચ્છા હોય તો તે તેની વા'રે ધાય!

વળી આપણા કવીશ્રી અસહકારીઓને "ગાંધીપંથી" તરીકે સંબોધીને એવો પંથ કહાડવાનું કામ ઘણુંજ સહેલું છે એમ ગુર્જર પ્રજાને સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે! તેમની આ દલીલમાં જો કાંઈપણ સત્ય હોત તો તેમણે આજદિન સુધીના પોતાના પ્રયત્નના પરિણામે એક મોટો પંથ સ્થાપિત કર્યો હોત, પરંતુ અમારા ગુર્જર બંધુઓને જણાવતાં અમને હર્ષ થાય છે કે દેશના સદ્‌ભાગ્યે આ-પણા સંઘવીપંથીઓની સંખ્યા માળવી ઘઉંના મોટા ઢગલામાં મુઠ્ઠીભર કાંકરા જેટલી જ છે!

અમારા ગુર્જરબંધુઓને હવે જણાવવાની જરૂર નથી કે તેમની અનંત ગૌરવશાળી ભૂમિમાંથી જ આજ આપણા ધર્મયુદ્ધની શરૂઆત થઈ ચૂકી છે. શૂરાઓને બિરદાવનારાં રણવાદ્યો વાગી રહ્યાં છે. માતૃભૂમિના ઉદ્ધારને અર્થે આપણા અનેક મહાયોદ્ધાઓ પોતાના પ્રાણની આહૂતિ આપવા તત્પર બન્યા છે, મનુષ્ય અને મૃત્યુ વચ્ચે તેઓ માત્ર મુઠ્ઠીભરનું અંતર જૂએ છે. આવા વિષમ સમયે આપણા ભારતભૂષણ કવીશ્રી જે પાર્ટ ભજવે છે તે જોઈને ક્યા ભારત-વાસીનું અંતર ભસ્મિભૂત થયા વિના રહેશે?

છેવટમાં કવીશ્રીને અમે એટલીજ સૂચના કરીશું કે જે સ્વધર્મના રક્ષણને માટે ભક્ષક મંડયાનું તેઓ જણાવે છે તે સ્વધર્મનું રક્ષણ તો તેઓ સ્વરાજ્ય મેળવ્યા સિવાય કોઇ રીતે કરી શકે તેમ નથી જ. અમારા આ વાક્યની સત્યતાનાં સાચાં દ્રષ્ટાંતો કવીશ્રીની સન્મુખ જ છે, એટલે એ વિશે કાંઇપણ વિવેચન કરવાની જરૂર અમે જોતા નથી તથાપિ એટલું તો જણાવવાની જરૂર છે કે વસ્તુસ્થિતિના વિષમપણાનો વિચાર નહિ કરતાં મમત પર ચડેલો જે મનુષ્ય પ્રજાના પવિત્ર મતને દબાવી દેવા માટે પ્રજાપતના હાથીનું પૂચ્છ છેવટ સૂધી પકડી રાખવામાં પરાક્રમ માને છે, તેને ખુદ પ્રજાપતિ પણ સમજાવવાને અસમર્થ છે; અને પરિણામે તેને લત્તાપ્રહાર સિવાય કાંઇપણ ફળ પ્રાપ્ત થવાનું નહિ એ સિદ્ધાંત વાત્તો છે. મહાત્મા ગાંધીજી જેવા મહાન પરોપકારી પુરૂષ ઉપર આપણા કવીશ્રી જે અયોગ્ય પ્રહારો કરી રહ્યા છે તે સંબંધમાં અત્રે એક નીમ્ન લિખીત શ્લોકનું તેમને સ્મરણ કરાવી હાલ અમે વિરમીશું.

वदनं प्रसाद सदनं सदयं हृदयं सुधामुचो वाचः
करणं परोपकारं येषां केषां न ते जमा वन्धाः ?

અર્થાત્:—"જેઓનું વદન પ્રસન્નતાના ભંડાર રૂપ, હૃદય દયાએ યુક્ત, વાણી અમૃતવૃષ્ટિ સમાન, અને કર્મ પરોપકાર છે એવા મહાપુરુષો કોને વંદ્ય નથી ?"

તિરછલ.

સ્વધર્મ અને સ્વદેશપ્રેમના દિવ્ય મંત્રોપદેશથી માનવ હૃદયમાં સ્વતંત્રતાની મહાન જ્યોતિ પ્રદિપ્ત કરનાર માસિકપત્ર

"માતૃભૂમિ"



કે જેમાં પ્રસંગને અનુસરતા વિવિધ વિષયો યોગ્ય રીતે ચ વામાં આવશે. સિવાય જ્ઞાન સાથે ગમ્મત આપનાર હાસ્યરસ તેમાં ઘટિત સ્થાન આપવામાં આવશે. સમયને અનુસરીને સ્વદેશસેવાના શુભ હેતુથી જ આ માસિકપત્ર પ્રકટ કરવાનો ર પ્રયત્ન છે, તો આશા છે કે ભારત સંતાન તરીકેનું અભિ ધરાવનાર દરેક સ્વદેશપ્રેમી બંધુ તેના ગ્રાહક થઈ અમારા પ્રયત્નને પ્રેમપૂર્વક વધાવી લેશે.

પત્રવ્યવહાર કરવાનું સિરનામું, } **તંત્રી મણીલાલ જીવરામ ગાંધી.** ઠે. માંડવીની પોળમાં કાકાબળિયાની પોળ, અમદાવાદ. { વાર્ષિક લ પોષ્ટેજ સા રૂા ૨—૮—